# કન્ટેનમેન્ટ ઝોનમાં રહેતા કર્મચારીઓ કે વેપારીઓને અવરજવરની પરવાનગી નહિ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આવેલા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ૧ થી ૩૦ મી જૂન સુધી લોકડાઉનની અવિધિ લંબાવવામાં આવી છે. કામદારો, કર્મચારીઓ, દુકાનના માલિકો કે જેમના ઘર-રહેઠાણ-નિવાસસ્થાન કન્ટેનમેન્ટ ઝોનમાં, માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોય તેમને તેમના ઝોનમાંથી બહાર આવવા માટેની પરવાનગી આપી શકાશે નહિ તેવું જિલ્લા કલેકટર ડાં. કુલદીપ આર્યએ જણાવ્યું છે.

નોવેલ કોરોના વાયરસને ફેલાતો અટકાવવા જાહેર આરોગ્ય અને સુખાકારી માટે જરૂરી હોય તથા ગાઈડલાઈન્સમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા નિયમોની કડક અમલવારી માટે ગાંધીનગર જિલ્લા કલેકટર ડાં. કુલદીપ આર્યએ ભારપૂર્વક જણાવ્યું છે. તેમણે બહાર પાડેલા જાહેરનામાં જણાવ્યું છે કે આવશ્યક સેવાઓમાં ન આવતી હોય તેવી તમામ પ્રવૃત્તિઓ માટે વ્યકિતઓની અવર-જવર પર રાત્રિના ૯ કલાકથી સવારના ૫ કલાક સુધી સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. તેમજ ૬૫ વર્ષથી વધુ વયની વ્યકિતઓ, બિમાર વ્યકિતઓ, સગર્ભા મહિલાઓ તથા ૧૦ વર્ષથી નીચેની વયના બાળકોને ઘરમાં જ રહેવા પણ જણાવ્યું છે.

તેમજ ગાંધીનગર જિલ્લામાં જાહેર કરેલા અને ભવિષ્યમાં જાહેર કરવામાં આવનાર કન્ટેન્ટમેન્ટ ઝોન કે માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવશ્યક ચીજવસ્તુઓ સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ માટે




સવારના ૭ કલાક થી રાત્રિના ૭ કલાક સુધી પરવાનગી આપવામાં આવી છે. તેમજ કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં તમામ આર્થિક પ્રવૃત્તિઓ કે જે પ્રસિધ્ધ કરેલ હુકમથી પ્રતિબંધિત ન હોય તેવી પ્રવૃત્તિઓ માટે નગરપાલિકા વિસ્તારોમાં સવારના ૮ કલાકથી રાત્રિના ૭ કલાક સુધી જ ચાલું રાખી શકાશે. તેમજ નગરપાલિકા સિવાયના વિસ્તારો માટે સવારના ૮ કલાકથી રાત્રિના ૮ કલાક સુધી પરવાનગી આપવામાં આવે છે. તેમજ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ અને સ્ટેડિયમ ખુલ્લા રાખી શકાશે. પરંતુ તેમાં દર્શકો આવી શકશે નહી. તથા મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ શકશે નહિ. કાર્યક્રમ પ્રસારણ પર કોઈ પ્રતિબંધ રહેશે નહી.

૮ મી જૂન, ૨૦૨૦ પછી શહેરી સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા નક્કી કરાયેલ વિસ્તારોમાં શેરી ફેરિયાને પરવાનગી આપી શકાશે. ULBs દ્વારા શેરી ફેરિયાઓ તેમજ સાપ્તાહિક માર્કેટસ માટેનો વિસ્તારો નકકી કરી જાહેર કરવાના રહેશે. તેની અમલવારી કરાવતા પૂર્વ આ બાબતની Standard Operating Procedures તૈયાર કરવાની રહેશે. આ બાબતે શહેરી સ્થાનિક વહીવટી તંત્રએ સંબધિત પ્રાંત અધિકારી સાથે પરામર્શમાં રહી આ કામગીરી કરવાની રહેશે.

ગાંધીનગર જિલ્લામાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ, ટ્રેનીંગ, રિચર્સ, કોચીંગ કલાસ, જીમ્સ, સિનેમા, જાહેર મેડાવડા, સાંસ્કૃતિક કે સિનેમા કાર્યક્રમ, સ્વીમીંગ પુલ્સ, પબ્લિક ગાર્ડન, ઝૂ, વોટર પાર્ક, એમ્યુન્સમેન્ટ પાર્ક અને પુરાતત્વીય સ્થળો - પર્યટક સ્થળો ખુલ્લા રાખી શકાશે નહી. તે સિવાયની આર્થિક પ્રવૃત્તિઓ જેવી કે, રીટેલ દુકાનો, ચા-કોફીની કિટલીઓ, બેંક, સરકારી કચેરીઓ, તમામ રેપેરીંગની દુકાનો, સર્વિસ સ્ટેશન, વર્કશોપ ગાઈડ લાઈન્સ મુજબ ચાલું રાખી શકાશે. તેમજ ૮મી જૂનથી હોટલ, કલ્બ, રેસ્ટોરેન્ટ, મોલ, તમામ ધાર્મિક સ્થળો, શેરી ફેરિયાઓ સોશિયલ ડિસ્ટન્સીંગથી અને ગાઈડલાઈન મુજબ કામગીરી કરવાની રહેશે. તેમજ હેરકટિંગ, સલુન, બ્યુટી પાર્લર અને લાયબ્રેરીઓ સોશિયલ ડિસ્ટનસીંગ અને ૬૦ ટકા કેપેસીટી મુજબ ચાલું કરી શકાશે. તે ઉપરાંત એસ.ટી. બસો ૬૦ ટકા સિટિંગ કેપિસિટી સાથે ચાલશે. તે ઉપરાંત ટુ-વ્હીલર, ફોર વ્હીલર, એસયુવી અને મોટા વાહનોએ ગાઈડલાઈનમાં દર્શાવેલ નિયમોનું પાલન કરવાનું ખાસ રહેશે.

વધુમાં કલેકટરે જણાવ્યું છે કે જાહેરમાં ફરનાર તમામ વ્યકિતઓએ માસ્ક પહેરવું ફરજિયાત રહેશે. જિલ્લાના જાહેર રસ્તાઓ, સ્થળો પર કોઈ વ્યક્તિ થુંકીને કે અન્ય રીતે ગંદકી કરશે કે ફેલાવશે તો તેમની પાસેથી ૨૦૦ રૂપિયા દંડ વસૂલ કરવામાં આવશે. તમામ વ્યકિતઓએ સોશિયલ ડિસ્ટન્સીંગનું પણ પાલન કરવાનું રહેશે. જાહેર સ્થળોએ પાન, ગુટકા, તમાકુ કે દારૂના વપરાશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. લગ્ન પ્રસંગે સામાજિક અંતરનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમાં મહેમાનોની સંખ્યા ૫૦થી વધવી જોઈશે નહિ. તેમજ અંતિમ સંસ્કાર/દફનવિધીમાં પણ સામાજિક અંતરનું પાલન કરવાનું રહેશે અને ૨૦ થી વધુ વ્યક્તિઓ ભેગા થઈ શકશે નહી. તે ઉપરાંત તમામ કામકાજના સ્થળોએ શક્ય હોય ત્યાં સુધી વર્ક ફોમ હોમ નો સિધ્ધાંત અનુસરવાનો રહેશે. Staggering of wrok/business hours નું ભારત સરકારના ગૃહ મંત્રાલયની સૂચના મુજબ તમામ ઓફિસો, કામકાજના સ્થળો, દુકાનો, બજારો તેમજ વાણિજ્યક અને ઔધોગિક એકમોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કોઈ પણ વ્યક્તિ/સંસ્થા કોરોના વાયરસ અંગે ખોટી અફવા/માહિતી કોઈપણ પ્રકારના પ્રિન્ટ કે સોશિયલ મીડિયા મારફતે ફેલાવશે તો તે ગુનો ગણાશે. તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં આજથી મેલેરિયા વિરોધી માસની ઉજવણીનો આરંભ થયો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરી જે કન્ટમેન્ટ ઝોનમાં હતી તેથી તેની કચેરીઓ અન્યત્ર ખસેડાઈ હતી તે આજે અનલોક-૧ ના અમલની સાથે પુનઃ ધમધમતી થઈ ગઈ છે.
- જિલ્લા પંચાયતના નવનિયુક્ત જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને આજે સાંજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- આજે અનલોક-૧ ના અમલ સાથે જ ગાંધીનગર શહેર પુનઃ ધમધમી ઉઠ્યુ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોર, શહેરના બે પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલ અને મહેન્દ્રસિંહ રાણાએ આજે તેમના જન્મ દિવસની ઉજવણી સાદગી સાથે કરી છે.
- ગાંધીનગરમાં કોવિડ-૧૯ માટે ખાસ જવાબદારી સંભાળતા અધિક મુખ્ય સચિવ રાજીવકુમાર ગુપ્તાએ આજે જિલ્લાના અધિકારીઓ સાથે સ્થિતિની સમીક્ષા કરી હતી.

## શહેરના સ્વાતંત્ર્ય સેનાની ૧૦મીથી ઉપવાસ આંદોલન કરશે

નગરના જાણીતા સ્વાતંત્ર્ય સેનાની મનસુખભાઈ પંચાલ તા. ૧૦ જુનના રોજ ગાંધી ચિંધ્યા માર્ગે અનસન પર બેસશે. ૯૩ વર્ષની ઉંમરે સ્વાતંત્ર્ય સેનાની તરીકેનું તેમના હક્કનું પેન્શન તેમને મળી નથી રહ્યું. વારંવાર સરકારને રજૂઆત કરી હોવા છતાં આ બાબતને તેઓએ ધ્યાનમાં ન લઈ કોઈ પગલા લીધા નથી જેથી હારી થાકીને તેઓ ૧૦ જુનના રોજ અનસન ઉપવાસ પર બેસશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લે આ માસ્ક પહેરીને બહાર જજે... અહી અન-લોક થયું છે... પણ સ્વર્ગ લોક કાયમ ખૂલ્લુ જ હોય છે...!!

## ગાંધીનગર અને કલોલ સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણીનો આરંભ

ગાંધીનગર જિલ્લાની દહેગામ અને માણસા સબ રજિસ્ટ્રાર કેચરીમાં દસ્તાવેજ નોધણીની કામગીરી શરૂ કરવાનો નિર્ણય ગુજરાત રાજય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. ગાંધીનગર નોંધણી નિરીક્ષક એ જણાવ્યું છે કે ગાંધીનગર અને દહેગામ સબ રજીસ્ટ્રાર કચેરીમાં માત્ર ઓનલાઈન એપોઈન્ટમેન્ટ ગરવી વેબસાઈટ http://egarvi. gujarat.gov.in પર મેળવીને અને ઓનલાઈન નોંધણી ફી તથા જરૂરી સ્ટેમ્પ ડયુટી ભરીને દસ્તાવેજ નોંધણી માટે જઈ શકાશે. તેમજ શોધ/નકલની ફી પણ ગરવી વેબસાઈટ ( http://egarvi. gujarat. gov.in) પર ઓનલાઈન ભરવાની જરૂરી સુવિધા ઉપલબ્ધ છે. જેથી તમામ સંબંધ કર્તાઓએ શોધ/નકલની ફી ઓનલાઈન ઈ-પેમેન્ટથી જ ભરપાઈ કરી અસલ ચલણ તેમજ અરજી ફોર્મ નંબર-૩ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં રજૂ કર્યેથી શોધ/નકલ મેળવી શકાશે. નોંધણી નિરીક્ષકે જણાવ્યું છે કે શોધ/નકલ ફીની ગણતરી માટે કોઈ પ્રશ્ન હોય તો સ્થાનિક સંલગ્ન સબ રજિસ્ટ્રારશ્રી કે નોંધણી નિરીક્ષકશ્રીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. કોરોના વાયરસથી બચવા માટે આરોગ્યલક્ષી દિશા નિર્દેશોનું પાલન કરવા તથા સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા, બિન જરૂરી ભીડભાડ ન કરવા અને માસ્ક ફરજીયાત પહેરવા નોંધણી નિરીક્ષકે અપીલ કરી છે.



શહેરમાં લોકડાઉન પુરૂ થતા જ માર્ગો પર ટ્રાફિક પુનઃ કાર્યાન્વિત થઈ જવા પામ્યો છે. શહેરની મધ્યમાં જ્યાં ઘ-૫નું લોકપ્રિય સર્કલ હતુ ત્યાં અન્ડરપાસ બની રહ્યો છે જેને કારણે આ સ્થળે બનાવાયેલા ટ્રાફિક આર્યલેન્ડ્સ હટાવી દેવાયાં હોવાથી માર્ગ વધુ પહોળો અને ખુલ્લો થયો છે પરંતુ ડાયવર્ઝનના કારણે અહીં તેના બે ભાગ કરવામાં આવ્યાં છે જે માટે બેરીકેડનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેથી કોઈ વાહનચાલક અકસ્માતનો ભોગ ના બને.

## ઘટનાના ૨૪ કલાક બાદ અંબાપુરના તળાવમાંથી મૃત યુવાનના પત્નીનો પણ મૃતદેહ મળ્યો

**અંબાપુના તળાવમાં ખાબકેલી મર્સિડીઝ ચાલક યુવાનનો મૃતદેહ મળ્યો હતો : યુવાનની સાથે યુવતિ પણ ડુબી હોવાનો વિડીયો બહાર આવ્યો હતો : અમદાવાદમાં મીઠાઇ ફરસાણની મોટી દુકાન ધરાવતુ દંપતિ પાલનપુરથી પરત આવતુ હતુ ત્યારે અકસ્માત નડયો હતો**

ગાંધીનગર તા ૧

ગાંધીનગર નજીક અંબાપુરના તળાવમાં ગઈકાલે મર્સિડીઝ ખાબકતા યુવાનનો મૃતદેહ ફાયરબ્રિગેડે બહાર કાઢયો હતો. જયારે યુવાનની સાથે યુવતિ પણ હોવાનુ વિડીયોના આધારે પ્રકાશમાં આવ્યુ હતુ. જયારે આજે ઘટનાના ૨૪ કલાક બાદ તળાવમાંથી મૃતક યુવાનના પત્નિનો પણ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન સ્પષ્ટ થયુ છે કે આ દંપતિ પાલનપુરથી પરત ફરી રહ્યુ હતુ ત્યારે અંબાપુર પાસે અકસ્માત સર્જાયો હતો.

અંબાપુરમાં મર્સિડીઝ કાર ખાબકી હતી. આ દરમિયાન ફાયર બ્રિગેડે ગઈકાલે કારચાલક ૨૯ વર્ષીય યુવાન આનંદ ચંદ્રવદન મોદીનો મૃતદેહ બહાર કાઢી લીધો હતો. આ ઘટનાન નજરે નિહાળનારા સ્થાનિકોએ જણાંવ્યુ હતુ કે આ યુવાન સાથે એક યુવતિ પણ હતી. જયારે આ યુવતિને પણ પાણીમાં ડુબતી જોઈ હતી. આ ઘટના સંદર્ભે પોલીસની તપાસના અંતે યુવાનના પરિવારજનો પાસેથી માલુમ પડયુ હતુ કે યુવાન દિલ્હી ચકલા અને સરસપુરમાં મીઠાઈ ફરસાણની મોટી દુકાન ચલાવતો હતો. તેમજ તેની પત્ની સાથે પાલનપુરથી પરત ફરી રહ્યો હતો. આ હકીકત સામે આવતા પોલીસે તેની પત્નીના મૃતદેહની પણ શોધખોળ હાથ ધરી હતી. જયારે ઘટનાના ૨૪ કલાક બાદ તેણીનો મૃતદેહ તળાવમાંથી મળી આવ્યો હતો. જયારે આ દયનીય ઘટનામાં યુવાન તેમજ તેની પત્ની ડુબતા હતા તે વિડીયો પણ ધ્યાને આવ્યો હતો. મૃતક યુવાનની બહેન પ્રિયંકા મોદીની ફરિયાદના અનુસંધાને અડાલજ પોલીસે અકસમાતે મોતનો ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## વાવોલના બંધ કરાયેલા રસ્તાઓ ખોલી દેવાયાં

ગાંધીનગર જિલ્લામાં આજથી લોકડાઉન પુરૂ થઈ જવાથી માહોલમાં ચહલપહલ વધેલી જોવા મળી રહી છે. ગાંધીનગરના વાવોલ ખાતે લોકડાઉન-૩ અને ૪ દરમ્યાન કોરોના પોઝિટિવ કેસોની વધેલી સંખ્યાના કારણે ચિંતાનો માહોલ સર્જાયો હતો જેના કારણે ગ્રામ પંચાયત તથા અગ્રણીઓ દ્વારા સમગ્ર વાવોલ વિસ્તારમાં સંપૂર્ણ શટડાઉનથી લઈને વાવોલમાં પ્રવેશવાના માર્ગો સુદ્ધાં બ્લોક કરવાના પગલાં લેવામાં આવ્યાં હતા. હવે લોકડાઉન દૂર થતા આ માર્ગો ફરી ખોલી દેવામાં આવ્યાં છે.

વાવોલમાં પ્રવેશ પામતા માર્ગો જેવા કે ઉવારસદ-વાવોલ રોડ, કોલવડા-વાવોલ રોડ, ગાંધીનગર માર્ગ નં. ૩ વગેરે ઉપરાંત અંકુર સોસાયટી સામેનો માર્ગ, વિજય એપાર્ટમેન્ટ સામેનો માર્ગ, એમ.બી. પટેલ હાઈસ્કૂલ સામેનો માર્ગ, જુના પશુ દવાખાના તરફથી હરિનગર તરફનો માર્ગ વગેરે તમામ માર્ગો પર આડશો મુકીને માર્ગો બંધ કરી દેવામાં આવ્યાં હતા. ગાંધીનગર-વાવોલ વચ્ચે અવરજવર માટે માર્ગ નં. ૩ પર કડક ચેકીંગ પોઈન્ટ સાથે નાકું બનાવાયુ હતુ. હવે લોકડાઉન પૂર્ણ થતાં આ તમામ માર્ગોને ખુલ્લાં કરી દેવામાં આવતા સમગ્ર વાવોલ વિસ્તારમાં ફરી એકવાર ટ્રાફિકની હલચલમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે.



ધંધા-રોજગાર શરૂ કરવા માટે હવે છૂટછાટ આપવામાં આવી છે ત્યારે નાના વ્યવસાયીકોએ પણ પોત પોતાના ધંધા રોજગારના શ્રી ગણેશ કર્યા છે. મુખ્ય બજારોની નજીક બેસતા પાથરણાવાળાઓએ પણ પોતાનો વ્યવસાય શરૂ કર્યો છે. ધીમે ધીમે હવે તેમની ઘરાકી શરૂ થઈ ચુકી છે.

## ૧૪૩ વર્ષમાં પ્રથમવાર ભક્તો રથયાત્રામાં નહીં જોડાઈ શકે

**ત્રણ રથ અને માત્ર કેટલાક હાથીઓ જ જોડાશે : ઇતિહાસમાં ક્યારેય આવું નથી બન્યું કે રથયાત્રા સાદાઈથી નિકળી હોય : આ વખતે આ રથયાત્રા ઐતિહાસિક બનશે**

અમદાવાદમાં કોરોના વાયરસને કારણે વિકટ પરિસ્થિતિ હોવાથી આ વર્ષની જ યાત્રા ખૂબ જ સાદાઈથી નીકળશે.દર વર્ષે રથયાત્રાની ભક્તો આતુરતાથી રાહ જોઈ રહ્યા હોય છે. ૧૪૩મી રથયાત્રાને હવે બસ ગણતરીના દિવસો બાકી છે. ત્યારે આ વર્ષ ની રથયાત્રા દર વર્ષની રથયાત્રા કરતા કંઈક અલગ જોવા મળશે. કારણ કે અત્યારે સમગ્ર વિશ્વમાં કોરોનાની મહામારી છે અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મંદિર ટ્રસ્ટ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે કે, આ વર્ષની રથયાત્રામાં ભક્તો જોડાશે નહિ. ન તો કોઈ ટ્રકની ઝાંખી જોવા મળશે કે ન તો અખાડા જોવા મળશે. સાથે સાથે ન ભજન મંડળીના સૂર રેલાશે કે ના તો આદિવાસી ના નૃત્ય. આ તમામ મહામારીની વચ્ચે ભગવાન જગન્નાથજી રથ પર સવાર થઈ ને તો નીકળશે પરંતુ તેમાં ગણતરીના ખલાસીઓ, મંદિરના પૂજારી તેમજ ટ્રસ્ટી અને મંડળના લોકો હાજર રહેશે. પરંતુ ભક્તોનું ઘોડાપુર નહિ ઉમટી શકે. માત્ર ૩ ટ્રક જ યાત્રામાં જોડાશે. તો સાથે સાથે ભક્તોને મંદિર ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે કે, આ વર્ષની રથયાત્રા લોકો



ઘરમાં બેસીને ન્યૂઝ ચેનલના માધ્યમથી જ નીહાળે. ઉલ્લેખનીય છે કે, આ ૧૪૩ મી રથયાત્રા છે ત્યારે આજ સુધી ઈતિહાસમાં રથયાત્રા સમયે અમદાવાદ શહેરમાં અનેક વિકટ પરિસ્થિતિ આવી હતી. કોમી રમખાણ પણ આવ્યા હતા. ૧૯૮૫ની સાલ માં જે પરિસ્થિતિ સર્જાઈ હતી ત્યારે પણ રથયાત્રા નિકળશે કે નહી તેને લઈને અસમંજસ હતું પરંતુ તેમ છતાં પણ અમદાવાદના લોકો આ રથયાત્રામાં જોડાયા હતા. ખૂબ જ શાહી રથયાત્રા નીકળી હતી અને લોકો પણ વાજતે ગાતે ગીતો ગાઈને મંડળી સાથે જોડાતા હતા. પરંતુ ઈતિહાસમાં પહેલીવાર એવું બની રહ્યું છે કે ભગવાન જયારે નગરચર્યાએ નીકળશે ત્યારે તેમની આ યાત્રામાં લોકો જોડાઈ નહિ શકે.

### ૪ વાગ્યા બાદ નેત્રોત્સવવિધિ

જગન્નાથ મંદિરનાં ટ્રસ્ટી, મહેન્દ્ર ઝાએ જણાવ્યું કે, ૧૪૩મી રથયાત્રા ૨૩ જૂને નીકળશે. ૫ જૂને જળયાત્રા મહોત્સવમાં માત્ર પૂજારી અને ટ્રસ્ટીઓ જ જોડાશે. રથયાત્રામાં રથ ખેંચનાર સિવાય લગભગ કોઈ નહીં હોય. એક રથમાં ૩૦ જેટલા ખલાસી ભાઈઓ રહેશે તેવું આયોજન કરીશું. નિયમોનું પાલન કરાશે. આ સાથે મામેરામાં આ વખતે માત્ર એક કે બે લોકોને આમંત્રિત કરીશું, ભીડ ન થાય તેવું કરવામાં આવશે. રણછોડ મંદિર તરફથી આ વખતે એક કે બે લોકોને જ આવવાનું કહેવાશે. સૂર્યગ્રહણ હોવાથી આ વખતે નેત્રોત્સવ વિધિ બપોરે ૪ વાગ્યા બાદ કરવામા આવશે.

## ચંદ્રાલા પાસે અકસ્માતમાં અમદાવાદના નાગરિકનુ મૃત્યુ

ચિલોડા હિંમતનગર હાઈવે પર ચંદ્રાલા પાસે અમદાવાદના નાગરિકનું મૃત્યુ થયુ હતુ. નિકોલ તિર્થભૂમિ રેસીડન્સી ખાતે રહેતા જયેશભાઈ પટેલ રવિવારે બપોરના સુમારે પોતાનુ મોપેડ લઈને નીકળ્યા હતા. ઘરેથી નિકળેલા જયેશભાઈના મોપેડને ચંદ્રાલા પાસે સાંજના સુમારે અજાણ્યા વાહને ટક્કર મારી હતી. આસપાસથી દોડી આવેલા નાગરીકોએ ફોન પર જાણ કરતાં મૃતકના મોટાભાઈ કમલેશભાઈ પટેલ સહિત પરિવારના સભ્યો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જોકે શરીરે ગંભીર ઈજાના પગલે સાંજે પાછો આવીશ તેમ કહીને નીકળેલા જયેશભાઈનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયુ હતુ. અકસ્માતના પગલે ચીલોડા પોલીસે મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી મૃતકના મોટાભાઈની ફરીયાદના આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## આંતર જિલ્લાના પ્રવેશ સમયે ક્વોરન્ટાઈન સંદર્ભે જાહેરનામું રદ કરવું જોઈએ

સરકારે તા.૧ જૂનથી અમદાવાદ અને સૂરત સિવાય લોકડાઉન અમૂક નિયમો સાથે ખોલી દીધું છે. સરકારે તા.૧ જૂનથી આન્તર રાજ્ય અને આન્તર જીલ્લા મુસાફરીની છૂટ આપી છે. એ જ રીતે ગુજરાતમાં પણ આન્તર જીલ્લા મુસાફરીની છૂટ આપી છે પરંતુ એ બાબત હજૂ સ્પષ્ટ નથી કે ગુજરાતમાં આન્તર જીલ્લા મુસાફરી કરનાર સ્વસ્થ માણસ માટે હવે હોમ ક્વોરન્ટાઈનમાં રહેવું જરૂરી છે કે નહી. એક સ્વસ્થ માણસ ગાંધીનગરથી મહેસાણાનો પ્રવાસ કરે છે તો શું એણે મહેસાણા ખાતે ૧૪ દીવસ હોમ ક્વોરન્ટાઈનમાં રહેવું પડે? એ જ માણસ મહેસાણાથી ગાંધીનગર પરત આવતા ગાંધીનગર ખાતે પણ ૧૪ દીવસ હોમ ક્વોરન્ટાઈનમાં રહેવું પડે? આમ આન્તર જીલ્લા મુસાફરીની છૂટ હોવાથી હવે આવનાર ને જે તે જીલ્લામાં જાણ કરવાથી છૂટ આપી ક્વોરન્ટાઈનમાંથી છૂટ આપવી જોઈએ. ગાંધીનગર મ્યુ.કોર્પોરેશને તા ૨૯/૦૩/૨૦૨૦ ના જાહેરનામાથી GMC વિસ્તારમાં આવનાર ને જાણ કરવા જણાવ્યું છે એ જાહેરનામું રદ કરવું જોઈએ.

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**

**જાહેર નિવિદા નં.૧/૨૦૨૦-૨૧**

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ની કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે જી.એસ.ટી. રજીસ્ટ્રેશન ધરાવનાર તથા પોતાની સંસ્થાનું ગુમાસ્તા ધારાનું રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવી રસ ધરાવનાર અનુભવી એજન્સીઓ પાસેથી નિયત ભાવપત્રકમાં ભાવો મંગાવવામાં આવે છે. ભાવપત્રક મેળવવા માટે અત્રેની કચેરીમાં રૂ. ૨૦૦/- + ૧૮% જીએસટી = રૂ. ૨૩૬/-નો રકમના ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ સાથેની અરજી કરેથી તા. ૮/૬/૨૦૨૦ (૧૬:૦૦ કલાક) સુધીમાં ભાવપત્રક આપવામાં આવશે. ભરેલ ભાવપત્રકો તા. ૧૫/૬/૨૦૨૦ સુધી રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. કવર પર 'ઝેરોક્ષ / બાઈન્ડીંગના ભાવ' એમ અવશ્ય લખવું. આવેલ ભાવપત્રકો શક્ય હશે તો તા. ૧૬/૬/૨૦૨૦ના રોજ ૧૨:૩૦ કલાકે હાજર રહેલ એજન્સીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.

| કામનું નામ |
| --- |
| જી.એસ.આર.ડી.સી. ગાંધીનગરની કચેરી ખાતે બ્લેક એન્ડ વ્હાઈટ / કલર ઝેરોક્ષ, કલર લેઝર પ્રીન્ટ, બાઈન્ડીંગની કામગીરી મોટ વાર્ષિક ભાવ મંગાવવા બાબત. |

જનરલ મેનેજર (પ્રોજેક્ટ)
ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.
ભોંયતળીયે, નિર્માણ ભવન, સેક્ટર નં. ૧૦/એ, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫
www.gsrdc.com
માહિતી/૧૫૮/૨૦-૨૧

**ઘરમાં રહો... સુરક્ષિત રહો..**